# ‘ખુશ્ફહમ’ સિદ્ધિચંદ્રગણિકૃત
# नेमिनाथ चतुर्मासकम्

પ્રા૦ મંજુલાલ ર૦ મજમુદાર, એમ.એ., એલએલ. બી. પીએચ.ડી.,

સિદ્ધિચંદ્રગણિ ઉપાધ્યાય એ ભાનુચંદ્રના શિષ્ય થાય. આ બન્ને ગુરુ-શિષ્ય શહેનશાહ અકબરના દરબારમાં રહ્યા હતા અને સન્માનિત થયા હતા.

ગુરુ ઉપાધ્યાય ભાનુચંદ્ર અકબર પાસે સંસ્કૃતમાં ‘ સૂર્યસહસ્ર નામ ’ બોલતા; એટલે અકબરશાહ તેમના મુખેથી દર રવિવારે સૂર્યનાં સહસ્ર નામ શ્રવણ કરતા. ઇતિહાસનવીસ બદાઉનિ લખે છે કે “બ્રાહ્મણોની માફક સમ્રાટ પણ પ્રાતઃકાળે પૂર્વ દિશા તરફ મુખ રાખી ઊભા રહેતા અને સૂર્યની આરાધના કરતા; તેમ જ સૂર્યનાં સહસ્ર નામનો પણ સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચાર કરતા” (બદાઉનિ ૨, ૩૩૨)

આવા પ્રભાવશાળી ગુરુના શિષ્ય સિદ્ધિચંદ્રે બાદશાહ અકબરને પ્રસન્ન કર્યા હતા; અને તે ઉપરથી સિદ્ધાચલ પર મન્દિરો બંધાવવાનો બાદશાહે જે નિષેધ કર્યો હતો તે તેમની પાસે જ દૂર કરાવ્યો હતો. સિદ્ધિચંદ્રે ‘ યાવની ’ એટલે ફારસી ભાષાના ઘણા ગ્રંથો બાદશાહને જિજ્ઞાસુ જાણી ભણાવ્યા હતા.

એક શાંતિચંદ્ર નામના મુનિએ પણ ‘कृपारसकोश’ નામે સંસ્કૃત કાવ્ય રચી અને સંભળાવી અકબરશાહ ઉપર ભારે અસર કરી હતી—જેને પરિણામે જીવદયાના પાલનમાં તથા ‘જજિયા’ જેવો કર કાઢી નાખવાની બાદશાહે કૃપા કરી હતી. આ શાંતિચંદ્ર ‘ શતાવધાની ’ હતા : એક સાથે સો જેટલી વસ્તુઓમાં તેઓ ધ્યાન રાખી તેને મગજમાં ઠસાવી શકતા. તેમની જેમ, ભાનુચંદ્રના શિષ્ય સિદ્ધિચંદ્ર પણ શતાવધાન કરી શકતા હતા. આ સિદ્ધિચંદ્રના પ્રયોગો જોઈ, બાદશાહે તેમને ‘ ખુશ્ફહમ ’ની પદવીથી વિભૂષિત કર્યા હતા.

કહેવાય છે કે એકવાર તો બાદશાહે બહુ સ્નેહથી એમનો હાથ પકડીને કહ્યું : “ હું આપને પાંચ હજાર ઘોડાના મનસબવાળી મોટી પદવી અને જાગીર આપું છું. તેનો સ્વીકાર કરી તમે રાજા બનો, અને આ સાધુવેષનો ત્યાગ કરો. ” પણ મુનિએ સાધુવેષને બદલ્યો નહિ.

બાણભટ્ટની ‘ કાદમ્બરી ’ પર તેના ‘ પૂર્વખંડ ’ની ટીકા ગુરુ ભાનુચંદ્રે અને ઉત્તરભાગની ટીકા શિષ્ય સિદ્ધિચંદ્રે કરેલી છે. તેની પુષ્પિકામાં તેમણે પોતાનો પરિચય આપ્યો છે તે ખૂબ ઉપયોગી છે :

“ इति श्री पातसाहश्री अकब्बर जल्लालदिन सूर्यसहस्रनामाध्यापकः, श्रीशत्रुंजयतीर्थकरमोचनाद्यनेकसुकृत विधायक महोपाध्याय श्री भानुचंद्रगणिविरचितायां तच्छिष्याष्टोत्तरशतावधान साधकप्रमुदित बादशाह श्री अकब्बरप्रदत्त ‘खुशफहम’पराभिधान श्रीसिद्धिचंद्रगणिरचितायां कादम्बरीटीकायामुत्तरखण्डटीका समाप्ता ।[1] ”

---

૧. તેમ જ ગુરુશિષ્યે શોધિત ‘ वसंतराज ’ ટીકામાં આવો ઉલ્લેખ છે; અને ‘ भक्तामरस्तोत्र ’ની ટીકાના પ્રારંભમાં સિદ્ધિચંદ્રે આત્મપરિચય આપ્યો છે :

“ कर्ता शतावधानानां विजेतोन्मत्तवादिनाम् ।
वेत्ता षडपिशास्त्राणामध्येता फारसीमपि ॥

अकब्बरसुरत्राणहृदयांबुजषट्पदः ।
दधानः ‘खुशफहमिति’ बिरुदं शाहिनार्पितम् ॥

तेन वाचकचंद्रेण सिद्धिचंद्रेण तन्यते ।
भक्तामरस्य बालानां वृत्तिर्व्युत्पत्तिहेतवे ॥ ”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ 'ખુશ્ફહમ' સિદ્ધિચન્દ્રગણિ જેવા સંસ્કૃત તથા ફારસીના પંડિત હતા તેવા, લોકભાષા ગુજરાતીના પણ સારા જ્ઞાતા હતા. તેમણે રચેલું એક ચાર 'ટૂંક'નું ટૂંકું, છતાં છટાદાર 'ચોમાસીકાવ્ય' મુરબ્બી સ્વર્ગસ્થ મોહનલાલ દલીચંદ દેશાઈને પ્રાપ્ત થયું હતું. તેમણે તેની નકલ તેમની પાસેની જૂની પ્રતિ ઉપરથી ઉતારીને મને મોકલી હતી, જે આ પ્રસંગે પ્રસિદ્ધિમાં મૂકવાની તક હું લઉં છું. તેનું શ્રેય સ્વ૦ મોહનલાલભાઈને જ ઘટે છે.

આ કાવ્ય ઉપરથી સિદ્ધિચન્દ્રને આપણે ગુજરાતી કવિ તરીકે ઓળખવાનું બની શક્યું છે. આ ઉપરાંત આ કવિએ 'कादम्बरी कथानक'નો ગુજરાતી ગદ્ય-સંક્ષેપ પણ તે કથાના જિજ્ઞાસુઓ માટે લખેલો છે જે 'पुरातत्त्व ત્રૈમાસિક' પુસ્તક ૫(૧૯૨૭)માં પ્રગટ થયો છે.

'नेमिनाथ चतुर्मासकम्'ની રચના કવિના ફારસી ભાષાના અભ્યાસની પણ દ્યોતક છે. એમાં ચાર માસ(શ્રાવણ, ભાદરવો, આસો અને કાર્તક)માંથી પ્રત્યેક માસ માટે પહેલાં એક 'દૂહો' અને પછી બીજો 'હરિગીત' એમ બે છંદમાં પ્રાસાદિક રચના તેમણે કરી છે. 'દૂહા'ના ચોથા ચરણનો અંત્ય શબ્દ બીજા છંદના પ્રારંભમાં સંભારવામાં આવ્યો છે; અને એ રીતે બન્ને છંદને ગૂંથી લઈ 'સાંકળી' ઉપજાવવામાં આવી છે.

પિંગળના 'હરિગીત' છંદ—જેમાંથી આગળ જતાં 'ગજગતિ' અને 'સારસી' છંદ બન્યા છે—તે હરિગીતમાં કવિએ કેટલેક સ્થળે બબ્બે અને કેટલેક સ્થળે ત્રણ ત્રણ અનુપ્રાસ ગોઠવ્યા છે. 'ચારણી ઋતુગીતો'નો એક મધ્યકાલીન પદ્યપ્રકાર જાણીતો છે,[૨] પરંતુ તેની રચના બસો-અઢીસો વર્ષથી પ્રાચીન મળી આવી નથી.

તેની સરખામણીમાં સિદ્ધિચન્દ્રગણિની 'चतुर्मासकम्'ની રચના પુરોગામી છે; અને તેથી વિશેષ પ્રાચીન છે. તેનો રચનાકાળ સંવતના સત્તરમા શતકનો પૂર્વાર્ધ છે, તથા જેના રચનાર સંબંધી ખૂબ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત છે તેવું આ કાવ્ય, ગુજરાતી પદ્યસાહિત્યમાં વિરલ છે.

*

## શ્રાવણ

(દૂહો) શ્રાવણ રિતુ રલિઆમણી, ધરા સીંચી જલધાર;
ચિત-ચાતક 'પિઉપિઉ' ચવઈ, મોર કીઉ મલ્હાર.

(હરિગીત) મલ્હાર મનહર કીય મયૂરહ, વીજ ચમકઈ ચિહુ વલઈ;
મદમસ્ત જોવન-જોર-માતી, વિરહી રાજુલ વિલવલઈ;
નિસિ અંધારી, નિરાધારી, પિયુ-વિહૂણી પદમણી;
ખુસફહમ સાંઈ મિલિ દિલખુસ, સુહાઈ રિતુ શ્રાવણી–૧

*

---

૨. એક દૃષ્ટાંત જોઈએઃ

(દૂહો) "વિનતા તમને વિનવે, નહિ નેઠો કે નેહ;
એકવાર માધા! આવજો, જો અબ આયો જેઠ.

(હરિગીત) અબ જેઠ આયો, લહેર લાયો, ચંત ચ્હાયો શ્યામને
જદુવંશ-જાયો, નાથ ના'યો, કૃહણ કૃહાયો કા'નને;
વનવેણુ વાતાં, રંગ-રાતાં, ગોળ ગાતાં ગાનને.
ભરપૂર જોબનમાંય, ભામન કહે રાધા કા'નને;
—જી! કહે રાધા કા'નને—"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ભાદરવો

(દૂહો) **ભાદવ** સર સુભર ભરે, નદીઆં નીર ન અંત;
વનિ વનિ ફૂલી વેલીઆં, ભમર ભણુંઈ ભણુંત.

(હરિગીત) ભણુંત ભમરા ભમઈ ભૂતલિ, કરત કેલા કામિણી;
રસરંગ રાતી, લાઈ છાતી, સંગિ લાલ સુહામણી;
વિણુ–નાહ દાહ અગાહ વ્યાપિત નેમિ સમરું નિજપતિ;
**સિદ્ધિચંદ્ર**કેરા આઉ 'સાહબ',–રટતી એમ રાજીમતિ–૨

*

### આસો

(દૂહો) **આસો** અંગિ ઉમાહ અતિ, ચંદા–રયણી ચંગ;
નિરમલ જલ ઝૂલઈ નિપટ, લીલા–ગતિ લીલંગ.

(હરિગીત) લીલંગ લીલા લહરિ– લુબધા, હંસ ખેલઈ હરખસ્યું;
દુઃખ નિસિ દુહેલી સુણી, સહેલી! નયણિ કબ પિય નિરખસ્યું?
સુખ પ્રીતિ સારી, કાં વિસારી? ચતુર! નવ ભવકી ચલી.
**સિદ્ધિચંદ્ર**કે પ્રભુ ચાહિ સનમુખ, રંગ રસિ પૂરો રલી–૩

*

### કાર્તિક

(દૂહો) કઉતિગ **કાતિગ** માસકો, સુભિક્ષ ભયો સબ દેસ;
દંપતી–પર્વ દીપાલિકા, ભાવત પહરઈ ભેખ.

(હરિગીત) ભલ ભેખ રેખ બનાઈ ભામિની, સકલ લોક સ-ઊજમા;
આનંદ ગૃહ ગૃહ કરઈ ઉચ્છવ, અંગિ લાવઈ કુમકુમા;
ગિરિ રૈવતાચલ મિલે જગગુરુ, શીખ **રાજુલ**કુ દઈ;
**સિદ્ધિચન્દ્ર**કે પ્રભુસુ, વર–પહિલી, સિદ્ધિપુર સુંદરી લઈ–૪

*

